वेदानधीत्य वेदौ वा वेदं वाऽपि यथाक्रमम् ।
अविप्लुतब्रह्मचर्यो गृहस्थाश्रममावसेत् ॥

मनुस्मृति २(२)

બ્રહ્મચર્ય ધારણ કરીને ચાર, ત્રણ, બે અથવા એક વેદને યથાવત્ ભણીને તથા અખંડતિ બ્રહ્મચર્યનું પાલન કરીને પછી ગૃહસ્થાશ્રમ ધારણ કરવો. અર્થાત્ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો.

તંત્રી સ્થાનેથી....

## પતિની સામે ખોટા કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો

ચિંતાજનક પ્રવાહના ભાગરુપે નવી વિગત સપાટી ઉપર આવી છે. જાણવા મળેલી માહિતી મુજબ પતિ સામે ખોટા કેસ દાખલ કરનાર મહિલાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે. પતિ અને તેમના સસરા સામે બળાત્કારની ફરિયાદો જે ખોટી છે તેવી ફરિયાદોમાં વધારો નોંધાયો છે. લોકસભામાં આ અંગેની માહિતી આપતા ગૃહરાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, આઈપીસીની કલમ ૪૯૮એ હેઠળ ૨૦૧૧-૧૩ વચ્ચેના ગાળામાં મહિલા દ્વારા પતિ અને સસરા સામે અત્યાચારના ૩૧૨૯૨ કેસો દાખલ કરવામાં આવી ચુક્યા છે જે ખોટા અથવા તો ભુલથી કાયદા સાથે ચેડા કરીને નોંધવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં આ અંગેની વિગત સપાટી ઉપર આવી હતી. છેલ્લા થોડાક વર્ષમાં ૪૯૮એ હેઠળ ખોટા કેસોની સંખ્યા સતત વધી છે. આંકડા આ બાબતની સાબિતી આપે છે. આવી જ રીતે આઈપીસીની કલમ ૫૦૯ હેઠળ મહિલાની અંગતતા સામે અપમાન થાય તેવા ૧૨૦૭ કેસો નોંધાયા છે જે પોલીસ તપાસમાં ખોટા સાબિત થયા છે. કલમ ૫૦૯ હેઠળ કેસોની સંખ્યા ૨૦૧૧માં ૩૮૬ હતી જે વધીને ૨૦૧૩માં ૪૮૬ થઇ છે. એનસીઆરબીના આંકડા દર્શાવે છે કે, ભારતમાં નોંધાયેલા બળાત્કારના કેસોની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૧૩માં આ સંખ્યા ૩૩૭૦૭ થઇ છે. ભોગ બનેલી મોટાભાગની મહિલાઓની વય ૧૮-૩૦ વર્ષની વચ્ચે નોંધાઈ છે. ખોટા કેસો બદલો લેવાની ભાવના સાથે કરવામાં આવ્યા છે. બનાવટી કેસો પાછળ ખતરનાક ઈરાદાઓ પણ રહેલા છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે, કલમ ૪૯૮એ હેઠળ ખોટી રીતે અત્યાચારના કેસો લગ્નના ભંગાણ તરફ દોરી જાય છે. જોથરીએ કહ્યું હતું કે, આ પ્રકારના દૂષણને રોકવાની તાકિદની જરૂર છે.

## શું તમે જાણો છો ?

- ભારતના બંધારણ ઘડતરની કામગીરી બે વર્ષ, અગિયાર માસ અને અઢાર દિવસ ચાલી હતી.
- વસ્તી ગણતરી દર દસ વર્ષે થાય છે.
- કેન્દ્ર શાસિત પ્રદેશો પૈકી લક્ષદ્વીપની વસ્તી સૌથી ઓછી છે.
- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકેની નિમણૂંક માટે વ્યક્તિને વડી અદાલતના ન્યાયાધીશ તરીકે ૫ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.
- ગાંધીજીને 'બાપુ' નું બિરૂદ ચંપારણ સત્યાગ્રહમાં મળ્યું હતું.
- હાલનું વડનગર પ્રાચીનકાળમાં આનર્ત પુર નામે ઓળખાતું હતું.
- ગુજરાતમાં એસ.એસ.સી.ઈ. બોર્ડની શરૂઆત ઈ.સ. ૧૯૭૨માં થઈ હતી.
- ગીરા ધોધ ડાંગ જીલ્લામાં આવેલો છે.
- સંસ્કૃત અલંકાર શાસ્ત્રનો સુપ્રસિદ્ધ ગ્રંથ 'કાવ્ય મિમાંસા' પાટણમાં સચવાયેલો છે.
- ગુજરાતનું બાલમંદિર પ્રથમ વસોમાં શરૂ થયું હતું.
- રવિન્દ્રનાથ ટાગોર નોબેલ પારિતોષિક જીતનાર પ્રથમ ભારતીય હતા.
- ડૉ. એસ. રાધાકૃષ્ણનને પ્રથમ ભારત રત્ન સન્માન આપવામાં આવ્યું હતું.
- 'રાષ્ટ્રિય ખેલ દિન' મેજર ધ્યાનચંદની યાદમાં મનાવવામાં આવે છે.
- 'સેના દિવસ' ૧૫મી જાન્યુઆરીએ મનાવવામાં આવે છે.
- વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિને દોરવણી આપનાર પ્રસિદ્ધ ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણ વર્મા જૂનાગઢ રાજ્યના દિવાન તરીકે રહ્યા હતા.
- અમદાવાદમાં સૌપ્રથમ કન્યાશાળા હરકુંવર શેઠાણીએ સ્થાપી હતી.
- પ્રથમ 'સાફ' (દક્ષિણ એશિયા રમતોત્સવ) કાઠમંડુમાં યોજાયો હતો.
- ડૉ. આંબેડકરે તેમના ૨ લાખ અનુયાયીઓ સાથે ઈ.સ. ૧૯૫૬માં નાગપુર ખાતે બૌધ્ધ ધર્મની દિક્ષા લીધી હતી.
- મોટોરોલા કંપનીએ દુનિયાનો પહેલો મોબાઈલ ફોન માર્કેટમાં ઉતાર્યો હતો.
- હવા ફરેલા ટાયરની શોધ કરનાર ડનલોપનો મૂળ વ્યવસાય પશુચિકિત્સકનો હતો.

# ધ્યાનાવસ્થામાં યોગાભ્યાસી શબ્દ-પ્રમાણ વડે જ ઈશ્વરની મન દ્વારા ખોજ કરે છે

**વેદવાણી**

**- આચાર્ય પ્રિયવ્રત વેદવાચસ્પતિ**

स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं
शुद्धमपापविद्धं कविर्मनीषी ।
परिभूः स्वयम्भूर्याथातथ्यतोऽर्थान्
व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥

यजुर्वेद ॥ अ. ४०। मं.सं.-८।

પદાર્થ :- સઃ = તે પરમાત્મા, પરિ-અગાત્ = સર્વવ્યાપક, શુક્રમ્ = અત્યન્ત ઉજ્જવળ, અકાયમ્ =શરીરરહિત(નિરાકાર), અવ્રણમ્ =વ્રણ અથવા છિદ્રરહિત (ક્ષતરહિત), અસ્નાવિરં =નસ-નાડીઓથી રહિત, શુદ્ધમ્ =નિર્મળ, અપાપવિદ્ધમ્ = નિષ્પાપ, કવિઃ = સર્વજ્ઞ (ક્રાન્તદર્શી), મનીષી = અન્તર્યામી (પૂર્ણજ્ઞાની), પરિભૂઃ =દુષ્ટોને પરાભૂત કે દંડવિધાન વડે નિયંત્રણમાં રાખવાવાળા, સ્વયમ્ભૂઃ =સ્વયંસિદ્ધ (અજન્મા), શાશ્વતીભ્યઃ =નિત્ય (સનાતન) સમાભ્યઃ =પ્રજાઓ માટે (શાશ્વતીભ્યઃ સમાભ્યઃ =સનાતન પ્રજા માટે) યાથાતથ્યતઃ = ઠીક-ઠીક, અર્થાન્ =આવશ્યક પદાર્થોનાં વ્યદ્ધાત્ =વિધાન કરે છે.

(ગતાંકથી ચાલુ)

વિપરીત = ભ્રાન્તિયુક્ત વ્યક્તિનું જીવન અર્થહીન = સામર્થ્યહીન છે. આવા વ્યક્તિઓની પ્રવૃત્તિ સામર્થ્યયુક્ત નથી હોતી. અર્થ ગ્રહણ કરનાર વ્યક્તિની પ્રવૃત્તિ સાર્થક હોય છે, અર્થાત્ આવા વ્યક્તિની ચેષ્ટા સફળ = ફળ સાથે કર્તાનું સમ્બન્ધ સ્થાપિત કરે છે. સુખ આપનારી વસ્તુને 'સુખદા' અને દુઃખ આપનારી વસ્તુને 'દુઃખદા' જ માનવું તે વિવેક છે.

પોતાના ચિત્ત = મનમાં સત્તાત્મક પદાર્થોના યથાર્થ શાબ્દિક જ્ઞાન ધારણ કરનાર જ તેના આધારે સંશોધન = ખોજ કરતો - કરતો અર્થ-બોધ સુધી પહોંચી જાય છે. આવા સાધકોનાં ચિત્તમાં 'सद्भूतमर्थ प्रद्योतयति' સત્તાત્મક દ્રવ્યો = પદાર્થોનાં યથાર્થ સ્વરૂપ પ્રકાશિત થાય છે. પદાર્થ વિશે વિપરીત શબ્દ-જ્ઞાન ધરાવતાં સાધકોનાં મનમાં યથાર્થનું પ્રકાશન તો થતું જ નથી, પરંતુ ઉત્તરોત્તર વધારેને વધારે અંધકારમાં /જડત્વમાં જતો રહે છે, પરિણામે દુઃખરૂપ અન્ધયોનિયોને પ્રાપ્ત કરી નાનાવિધ દુઃખો અનિવાર્ય રીતે ભોગવવા પડે છે.

'સ્થૂળભુક્' લોકો પણ સ્થૂળ પદાર્થોમાં વર્તમાન અર્થોને જાણીને યથાયોગ્ય પ્રયોગ કરીને સ્થૂળ - ભોક્તા બને છે. સ્થૂળ અર્થોને જો વિપરીતે રીતે જાણી પ્રયોગ કરવામાં આવે તો તેમનાં દુઃખદ દુષ્પરિણમથી બચી શકાય નહિ. અગ્નિમાં પાણીની અને પાણીમાં અગ્નિ અર્થોની ભાવના કરવી અયોગ્ય ભાવના છે. આવી ભાવનાવાળા વિપરીત ભાવનાવાળા થવાના કારણે જ અશ્રદ્ધાળુ છે. 'શ્રદ્ધાળુ' પદાર્થોનાં સત્યગુણો = યથાર્થ 'અન્વેષક' છે. અશ્રદ્ધાળુ અંધકારમાં વિચરતો 'પશુ' છે.

પ્રમાણ વડે જ અર્થ-ખોજ સંભવ છે. આ વેદમંત્ર ઈશ્વરીય તત્વની ખોજ માટે 'પ્રમાણ' છે. વેદવાણી સ્વતઃપ્રમાણ હોવાથી બ્રહ્માંડના દરેક પદાર્થોની અંદર ગૂઢ રીતે સમાયેલાં અર્થોની ખોજ માટે અનિવાર્ય નિમિત્ત છે. ઈશ્વર વિશે શબ્દ-પ્રમાણની ભૂમિકા ભજવતાં દરેક શબ્દ ઈશ્વરીય ગુણોની ઉપલબ્ધિ માટેના પ્રમાણભૂત સાધન છે. तस्य वाचकः प्रणवः = તે પરમાત્માના વાચક શબ્દો ગુણવાચક છે. નામ અને નામીનાં સમ્બન્ધ, નિત્ય-પદાર્થો માટે તો નિત્ય જ છે. પરમાત્માનાં દરેક નામ અને નામ પ્રમાણેનાં અર્થો સાથે સમવાય સમ્બન્ધ છે. ઈશ્વરીય ગુણોની સમ્પત્તિની એષણા રાખવાવાળા સાધકને ગુણ વાચક શબ્દોની આવૃતિ યથાર્થ અર્થભાવના વડે કરવાથી 'સાધના' ફળદાયિની (अर्थमात्र निर्मास) નીવડે છે,तज्जपस्तदर्शभावनम् = વાચક શબ્દો અર્થ પ્રાપ્તિ = ગુણ પ્રાપ્તિ = ઈશ્વર પ્રાપ્તિનાં સાધનો છે. प्रमाणैः अर्थ परीक्षणं = શબ્દ પ્રમાણ વડે પરમાત્માની ખોજ કરનાર એક દિવસ અર્થમાત્રમાં અવસ્થિત થશે જ. तदा द्रष्टुः स्वरुपेऽवस्थानम् = ચિત્ત-નિરોધની સ્થિતિમાં પરમાત્માના આનંદ વગેરે ગુણોમાં યોગીની સ્થિતિ = યથાર્થ ઈશ્વરીય સ્વરૂપમાં સ્થિતિ હોય છે.

ધ્યાનાવસ્થામાં યોગાભ્યાસી શબ્દ-પ્રમાણ વડે જ ઈશ્વરની મન દ્વારા ખોજ કરે છે. આ જ 'ધ્યાન' ની પરિપકવ અવસ્થા અર્થવત્ બની જાય છે, ત્યારે સમાધિની અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે. ધ્યાનમાં પ્રમાણરૂપ શબ્દ જો અયથાર્થ = વિપરીત = મિથ્યા હશે તો સમાધિ સુધી જયાની બાત તો તદ્ન અસંભવ છે, પરંતુ તેનાથી વિપરીત ગાંડપણની સ્થિતિ તો અવશ્ય પ્રાપ્ત થશે જ. માનવીય મષ્તિષ્કનું પ્રયોગ જ્ઞાન-વિજ્ઞાનની ગવેષણા અર્થે જો કરવામાં આવશે તો તે અનુકૂળ બની સાધકને લક્ષ્ય સુધી પહોંચાડવામાં સહાયક સાધન બનશે, અન્યથા જો એને વિપરીત માર્ગે પ્રયોગ કરવામાં આવશે તો તેનામાં વિપરીત અર્થોનું પરાવર્તન થશે, પરિણામે 'ગહન તમયુક્ત અન્ધકાર' સિવાય કંઈ નહિં મળે, જીવન નિરર્થક બની નિષ્પ્રયોજન પુરવાર થશે.

અશુદ્ધિ = અવિદ્યા વગેરેનું ક્ષય = નાશ વિદ્યા દ્વારા સંભવ છે. અવિદ્યાનો નાશ થાય પછી જ સાધનકના જ્ઞાનમાં ક્રમશઃ વૃદ્ધિ થાય છે. આ વૃદ્ધિ 'વિવેકખ્યાતિ' પર્યન્ત થતી જ રહે છે. 'વિવેકખ્યાતિ' અશુદ્ધ જ્ઞાન વડે કદાપિ સંભવ નથી. વિવેક ખ્યાતિની સ્થિતિમાં વ્યક્તિ આત્મા, પરમાત્મા અને પ્રકૃત્તિનાં યથાર્થ સ્વરૂપનું દર્શન કરવા સમર્થ બને છે.

અવિદ્યાના કારણે સાંસારિક વ્યક્તિ દશ્ય 'સ્વ' ને જ પોતાનો ધ્યેય પદાર્થ માની તેમની સાથે ભોગ ભાવથી સંયુક્ત રહે છે. આને જ સ્વ-સ્વામી સંબન્ધ કહેવાય. અવિદ્યાનો સંયોગ સ્વામીને 'સ્વ' સાથે જકડી રાખે છે. વિદ્યાનો સંયોગ 'સ્વ' સાથે વિયોગ કરાવી પુરુષોત્તમ સાતે સંયોગ કરાવી દે છે. બાધારહિત = અવિદ્યા કે મિથ્યાજ્ઞાન નષ્ટ થયા પછી, વૈરાગ્ય દઢ અને નિર્દોષ થયા પછી, પ્રકૃત્તિ અને પુરુષની ભિન્નતાનું બોધ થઈ જતાં દુઃખનું સમ્પૂર્ણ નાશ થઈ જાય છે અને અત્યંત આનંદની પ્રાપ્તિ થઈ જાય છે.

વિશુદ્ધ શબ્દજ્ઞાન વગર ઉપરોક્ત કૈવલ્ય = મોક્ષની સ્થિતિ પ્રાપ્ય નથી. આ વેદમંત્રમાં ઈશ્વર વિશેના શબ્દો જો ધ્યાનમાં સાધન બનાવવામાં આવે તો ધીરે-ધીરે અશુદ્ધિનો નાશ થતાં ક્રમાનુસાર પરોક્ષ ઈશ્વર પ્રત્યે વિશેષ રૂચિમાં અભિવર્ધન થવા લાગે છે. આ મંત્રમાં ઈશ્વરમાં સમન્વિત ગુણોનાં 'વાચક' નામો પણ છે અને જે ગુણોથી તે રહિત છે, તેવા શબ્દો એટલે કે નિષેધવાચક શબ્દો પણ છે. 'વિહિત' અને 'નિષેધ' બંનેનું સમ્યક્ જ્ઞાન કરાવી વિહિત પ્રત્યે ગ્રહણાત્મક ઈચ્છા અને નિષેધાત્મક પ્રત્યે અનિચ્છા ઉત્પન્ન કરવાની વેદવાણીનો સંકેત હોય, તેવું લાગે છે. 'વિહિત' ગુણવાચક શબ્દો વડે પરમાત્માનાં ગુણોનું ચિન્તન સગુણ ઉપાસના છે, અને નિષેધાત્મક શબ્દો વડે ઈશ્વરમાં નિષદ્ધ ગુણોનાં એટલે નિરોધ = અભાવની ભાવના કરવી, ઈશ્વરની નિર્ગુણ ઉપાસના છે. 'સગુણ ઉપાસના' વિધેયાત્મક હોવાથી વ્યક્તિ = સાધકની આત્મિક શક્તિની સાથે જ્ઞાન, બળ ને ઉત્સાહમાં વૃદ્ધિ કરે છે. નિર્ગુણ ઉપાસનાથી ઈશ્વર પ્રત્યે અનન્ય અને એકાન્તિક ભાવનાની વૃદ્ધિ થાય છે, અર્થાત્ ઈશ્વરમાં દોષ, પાપ, આકાર વગેરે ગુણો નથી તે નિર્દોષ, નિષ્પાપ, નિરાકાર, અજન્મા, સ્વયંભૂ તત્વ છે. નિષેધ ભાવથી ઈશ્વર પ્રત્યે 'વિશુદ્ધ-જ્ઞાનની' સતત્ રક્ષા થતી રહે છે. ઈશ્વર અજન્મા અશરીરી, અવ્રણ, અસ્નાવિર, અપાપી છે એટલે જન્મ, શરીર, વ્રણ, સ્નાવિર, પાપી આગણ 'અ' લગાવી વેદમંત્ર સૂચવે છે કે જન્મ લેનાર શરીર ધારણ કરનાર, નસ-નાડીનાં બંધનમાં આવનાર, પાપ કે અપરાધ કરતા વ્યક્તિથી સર્વથા પૃથક્ તત્ત્વ ઈશ્વર છે. જન્મ લેનાર, સૂક્ષ્મ-સ્થૂળ શરીરને પ્રાપ્ત થનાર, પાપનું આચરણ કરનાર ચૈતન્ય તો જગતમાં છે જ, પણ તે ચૈતન્ય પરમાત્માથી હંમેશા પૃથક સનાતન સત્તાવાળો જીવ = જીવાત્મા = આત્મા છે. ઈશ્વર કોઈ પણ કાળે શરીરી, પાપી, અવતારી, મિથ્યાજ્ઞાની, અવિદ્યાગ્રસ્ત, કર્મફળભોક્તા, સકામ કર્મી થઈ શકે નહિં. આવી સ્પષ્ટતા છતાં હઠાગ્રહી, દુરાગ્રહી, સ્વાર્થો, મતાગ્રહી, અસત્યાગ્રહી, મિથ્યાભિમાની, દંભી લોકો ઈશ્વરને જન્મ લેનાર (અવતારી) અર્થાત્ નસ-નાડીનાં બંધનથી યુક્ત શરીર પ્રાપ્ત કરવા માતાના ગર્ભમાં આવીને અવતાર લેનાર, પાપી, દરિદ્ર, અશુદ્ધ, મિથ્યાજ્ઞાનવાળો બનાવી દુષ્ટ-ભાવનાનો પ્રચાર સર્વત્ર કરે છે.

'બધું જ ઈશ્વર છે' - આવી ઉદ્ઘોષણા કરનારાઓ જરા બુદ્ધિથી વિચારો - ઈશ્વર વેદમંત્ર દ્વારા સ્પષ્ટ કરી રહ્યા છે કે જન્મ લેનાર, પાપ કરનાર, અન્યાયી, દુષ્ટ, સકામ કર્મ કરનાર, એકદેશી, અલ્પશકિતવાળો, અનેક છિદ્રોથી યુક્ત, સંશય અને અવિદ્યાથી યુક્ત એક અલગ શાશ્વતી ચૈતન્યની સત્તા પણ છે, જે સંખ્યામાં અનેકો છે. શાશ્વતીભ્યઃ સમાભ્યઃ = શાશ્વતી પ્રજાઓ માટે તે પરમાત્મા વિવિધ પ્રયોજનો સિદ્ધ કરવા આ જગતનું નિર્માણ કરે છે. શાશ્વતીભ્યઃ સમાભ્યઃ =વ્યાકરણની દષ્ટિએ ચતુર્થીવિભક્તિ બહુવચનમાં છે. સમાભ્યઃ = પ્રજાઓ માટે, શાશ્વતીભ્યઃ = પ્રજા માટે વપરાયેલો વિશેષણ છે. એટલે સનાતન જગત, જગતના ભોકતા અને જગતના સર્જવ, આ ત્રણેયની સત્તાનો સ્પષ્ટ સંકેત વેદમંત્રમાં છે. વ્યદધાત્ = આવશ્યક પદાર્થોનું વિધાન કરવું એટલે વિધિપૂર્વક અને બુદ્ધિપૂર્વક શાશ્વતી પ્રજા = જીવાત્માઓનાં કલ્યાણર્થે બ્રહ્માંડની સૃષ્ટિ કરવી. જગત સૃષ્ટિનું પ્રયોજન શું છે ? સૃષ્ટિ સર્જન માટેની મૂળ સામગ્રી (Material Cause) = ઉપાદાન કારણ શું છે ? ઉપાદાન કારણને કાર્યરૂપમાં ઉપસ્થિત કરનાર નિમિત્ત ચૈતન્ય કોણ છે ? સૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવનાર પદાર્થોનાં ભોકતા કોણ છે ? સૂર્ય, ચન્દ્ર, પૃથ્વિ, અગ્નિ, વાયુ, ગ્રહો, નક્ષત્રો, પહાડો, નદીઓ, તમામ પ્રકારના ખાદ્ય-પદાર્થો વગેરે કોણા માટે છે ? શું સૂર્ય પોતાનાં માટે પ્રકાશે છે ? અગ્નિ, વિદ્યુત પોતાનાં માટે છે ? આ બધાં જ પ્રશ્નોનાં જવાબ આ વેદમંત્રમાં સરળતાથી મેળવી શકાય છે.

જગતનાં કારણરૂપ પ્રકૃતિ (ઉપાદાન પદાર્થ) ને નિમિત્ત કર્તા તરીકે ચૈતન્ય પરમાત્મા શાશ્વતી = સનાતન = નિત્ય પ્રજાઓનાં કલ્યાણર્થે અર્થપૂર્વક બનાવે છે. ભોક્તા, ભોગ્ય અને ભોગની ન્યાયપૂર્વક વ્યવસ્થા કરનાર ન હોય તો સૃષ્ટિનો કોઈ પ્રયોજન નથી. પરંતુ ભોક્તા (Consumer) તરીકે સનાતન જીવો = આત્માઓ ભોગ્ય તરીકે (Essential Commodities) જગત અને જરૂરી પદાર્થોને ઉત્પન્ન કરનાર (Manufactures Procucts = Producer) તરીકે પરમાત્મા અસ્તિત્વમાં છે.

ત્રણ પદાર્થોની સત્તા નિત્ય છે. જગત પ્રવાહથી અનાદિ અનન્ત છે. જગતનું મૂળ-કારણ પ્રકૃતિ સ્વરૂપની અનાદિ-અનન્ત એટલે કે સનાતન છે. જીવાત્મા સ્વરૂપથી શાશ્વત છે. અને કર્મોને કારણે પ્રવાહથી અનાદિ અનન્ત બંધન-મુક્તિ પ્રાપ્ત કર્યા કરે છે. ઈશ્વર સ્વરૂપથી નિત્ય =શાશ્વત અને નિત્ય શુદ્ધબુદ્ધ મુક્ત સ્વભાવવાળી છે.

ત્રણેય નિત્ય સત્તાને સ્વીકૃતિ ન આપનાર અર્થાત્ ત્રણેયના અસ્તિત્વને નિત્ય ન માનનાર નાસ્તિકની કોટિમાં આવી જાય છે. 'નાસ્તિકો વેદનિન્દકઃ ' વેદવિરૂદ્ધ મન્તવ્ય ધારણ કરનાર નાસ્તિક છે. આ મારા તમારા ઘરની વાતો નથી. પરમકૃપાળુ પરમાત્માએ આપણાં બધાનાં કલ્યાણાર્થે જે ઉપદેશ કર્યો છે તેને શબ્દશઃ સ્વીકાર કરી તદનુસાર આચરણ કરવાથી કલ્યાણ થશે, અન્યથા કહેવાતા મહાત્માઓની ઠગારી વાણીથી ભ્રાન્તિયુકત બની આજીવન અંધકાર = ક્લેશ = દુઃખ પ્રાપ્ત કરી જીવન ધ્યેય = પરમાત્માને પ્રાપ્ત કરવામાં અસમર્થ = અયોગ્ય જ રહીશું.

(સંપૂર્ણ)

## ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

**૦૫ એપ્રિલ થી ૧૨ એપ્રિલ, ૨૦૧૫**

**યોગ શિબિરમાં પ્રસ્તુત કરવામાં આવનારા મુખ્ય વિષયો**

| | |
|---|---|
| ૧ ધ્યાન, જપ, પ્રાણાયામ વિધિ | ૨ શંકાઓનું સમાધાન, |
| ૩ આસન-વ્યાયામ પ્રશિક્ષણ | ૪ યજ્ઞ (અગ્નિહોત્ર), વેદ પાઠ |
| ૫ વિશુદ્ધ જ્ઞાન, કર્મ, ઉપાસના | ૬ મનોનિયંત્રણ |
| ૭ યોગ દર્શનનાં સૂત્રોનું અધ્યાપન | ૮ સંસ્કૃતના મંત્ર-શ્લોકનું ઉચ્ચારણ |
| ૯ આત્મ-નિરીક્ષણ | ૧૦ દાર્શનિક આધ્યાત્મિક પ્રેરક પ્રવચન |

● શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ધાર્મિક મહાનુભાવોએ ૨૫મી માર્ચ પહેલા આવેદન પત્ર ભરીને શિબિરના સ્થળે મોકલી આપવાનું રહેશે. ● આવેદન પત્ર ટપાલ, ફેક્સ, ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાના રહેશે. ● આવેદન પત્રમાં પોતાનું નામ, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, મોબાઈલ તથા ફોન નંબર, ઈ-મેઈલ ઉપરાંત અગાઉ આ પ્રકારની શિબિરમાં કેટલી વાર ભાગ લીધો છે તે તથા શિબિરમાં ભાગ લેવા પ્રેરણા આપનારનું નામ પણ અવશ્ય લખવાનું રહેશે. ● આવેદન પત્ર મળ્યા બાદ જેમને આશ્રમ દ્વારા સ્વીકૃતિ પત્ર મળે તેવા આવેદકોએ શુલ્કની રકમ રૂા. ૧૦૦૦/- કે જે માત્ર બેન્ક એકાઉન્ટમાં જ જમા કરાવવાના રહેશે.. આર્થિક કારણોસર શુલ્ક આપવામાં અસમર્થ હશે તેમને યોગ્ય સમજીને શુલ્કમાં છૂટ આપવામાં આવશે. ● શિબિરાર્થી કોઈપણ જાતના વ્યસનો ધરાવતો ન હોવો જોઈએ.

નામ : ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર ૨૦૧૫
નંબર : ૦૧૭૯૦૧૦૦૦૧૮૦૫૨
શાખા : બેન્ક ઓફ બરોડા, ધનસુરા (જી. અરવલ્લી)
IFSC No : BARB0DHANSU



**શિબિર સ્થળ**

**વાનપ્રસ્થ સાધક આશ્રમ**

આર્યવન - રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૭
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭ ૨૯૧૫૫૫,
E-mail : vaanprastharojad@gmail.com, Website : www.vaanprastharojad.org



સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્

# શ્યામજી કૃષ્ણ વર્મા : સ્વદેશાય સ્વાહા ઈદમ્ મમ !

અભ્યાસકાળ દરમ્યાન હોસ્ટેલમાં સાથે ભણેલા માંડવી (કચ્છ)ના એક મિત્ર સાથે હમણાં આકસ્મિક મુલાકાત થઈ. વાતવાતમાં મેં તેને પૂછ્યું 'તમારા ગામમાં શ્યામજી કૃષ્ણ વર્માની કોઈ સ્મૃતિ છે ? જવાબમાં તે કહે કે 'છે ને એક બાવલું છે. એ સિવાય બહુ ખબર નથી. અમારે ત્યાં તો ભાટિયા શેઠિયાઓનું ચલણ જ વધારે. આવા બિનગુજરાતી શેઠિયા બહુ ઓછા !!' પરંતુ મિત્રના 'જ્ઞાન' થી મને જરાયે આઘાત ન લાગ્યો. કારણ કે આપણે સૌએ સાથે મળીને આ મેધાવી દેશભક્તની બેહદ ઉપેક્ષા કરીને તેમને બિનગુજરાતી જ નહીં પરંતુ બિનભારતીય પણ બનાવી દીધા છે.

૨૪ ઓગષ્ટ-૨૦૦૩ના રોજ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ પૂરા તોંતેર વર્ષ બાદ સ્વદેશમાં પધારી રહ્યાં હતાં ત્યારે તેમનાં જ ગામમાં અને રાજ્યમાં કેટલાંક લોકો તેમના જીવન અને કર્તૃત્વ વિષે જાણે છે એ પ્રશ્ન કરવો જ અસ્થાને છે. ઈતિહાસ અભ્યાસી ચંદ્રકાંત બક્ષી અનેકવાર દર્દ સાથે લખે છે કે હિન્દુ પ્રજા ઈતિહાસ પ્રત્યે તદ્દન ઉદાસીન છે અને એવી ગાડરિયા મનોવૃત્તિ ધરાવતી પ્રજાનું મુકદ્દર તેમના હાથમાં નથી હોતું.

પરાક્રમ કરેલું, એ સાવરકર અને તેમના જેવા અનેક મરજીવાઓને ક્રાંતિની દીક્ષા અને જિંદગીની દિશા આપનાર મહાન દેશભક્ત એ પંડિતજી શ્યામજી કૃષ્ણ વર્મા !! આ નરપૂંગવ આપણા ગુજરાતના હતા અને સ્વદેશના કલ્યાણ કાજે પોતાનું સર્વસ્વ કરી ચૂક્યા હતા. એમનું જીવન એક એક ગુજરાતી માટે ગૌરવ અને પ્રેરણાયુક્ત છે. પણ કમનસીબે આજની એસએમએસ જનરેશન તેનાથી હતાશાજનક રીતે બેખબર અને બેપરવાહ છે.

ચોથી ઓક્ટોબર ૧૯૫૭ના રોજ કચ્છના માંડવી શહેરમાં ભાટિયા જ્ઞાતિમાં અત્યન્ત ગરીબ પરિવારમાં જન્મેલાં શ્યામજી બુદ્ધિમત્તામાં અત્યંત તેજસ્વી હતાં. વધુ અભ્યાસ માટે એક ભાટિયા શેઠની સહાયથી મુંબઈ આવેલાં શ્યામજીએ ગુજરાન ચલાવવા માટે શબ્દશઃ ઘરઘાટીનું કામ કરેલું. પરંતુ તારાનાં તેજમાં ચંદ્ર છુપે નહીં, સૂર્ય છૂપે નહીં બાદલ છાયો... ! નિર્ધન પરંતુ અત્યન્ત તેજસ્વી શ્યામજીનો એ જ અરસામાં મહર્ષિ દયાનંદ સરસ્વતી (એ પણ ગુજરાતનું ઉપેક્ષિત ગૌરવ... ! બલિહારી ધરા ગુર્જરી...!!) સાથે સંપર્ક થયો અને એ સાથે શ્યામજીની ઓજસ્વીતાને નવું પરિણામ મળ્યું. સ્વામી દયાનંદની પ્રેરણાએ શ્યામજીને સંસ્કૃતના પ્રકાંડ અભ્યાસુ તો બનાવ્યા જ, પરંતુ પ્રખર રાષ્ટ્રવાદી એવા સ્વામીજીએ તેમને રાષ્ટ્રીય ચેતનાનો પ્રહરી થવાનો મંત્ર ફૂંક્યો.

**નિર્ધન પરંતુ અત્યન્ત તેજસ્વી શ્યામજીનો એ જ અરસામાં મહર્ષિ દયાનંદ સરસ્વતી (એ પણ ગુજરાતનું ઉપેક્ષિત ગૌરવ... ! બલિહારી ધરા ગુર્જરી...!!) સાથે સંપર્ક થયો અને એ સાથે શ્યામજીની ઓજસ્વીતાને નવું પરિણામ મળ્યું. સ્વામી દયાનંદની પ્રેરણાએ શ્યામજીને સંસ્કૃતના પ્રકાંડ અભ્યાસુ તો બનાવ્યા જ, પરંતુ પ્રખર રાષ્ટ્રવાદી એવા સ્વામીજીએ તેમને રાષ્ટ્રીય ચેતનાનો પ્રહરી થવાનો મંત્ર ફૂંક્યો.**

આ સમય દરમ્યાન જ ઓક્સફર્ડ યુનિ.ના સંસ્કૃતનાં પ્રકાંટ વિદ્વાન મોનિયર વિલિયમ્સે કોઈ ભારતીય મદદનીશની સ્વામી દયાનંદની પૃછ્છા કરી. ઈ.સ. ૧૮૭૯માં આ હેતુથી ઈંગ્લેન્ડ ગયેલાં શ્યામજી નોકરી કરતા રહીને બેરીસ્ટર થયા. ઈ.સ. ૧૯૮૮માં ભારત પરત ફરેલ શ્યામજીએ બેરીસ્ટર તરીકે ખૂબ નામના મેળવી. એ ઉપરાંત રતલામ, અજમેર, ઉદયપુર અને જૂનાગઢના દિવાન તરીકે પણ કામગીરી બજાવી. આ સમય દરમ્યાન રાષ્ટ્રની તત્કાલિન પરિસ્થિતિ વિશેનું તેમનું ચિંતન વધુ ગંભીર બન્યું. ઉપરાંત રજવાડાઓનાં દિવાનપદનાં અનુભવથી ખોખલી થતી જતી રાજ વ્યવસ્થા અને અંગ્રેજોનો પ્રચંડ પગદંડો અનુભવ્યો. આ પરિસ્થિતિમાં વૈચારિક સ્વાતંત્ર્ય માટે ઈંગ્લેન્ડના કંઈક અંશે મુક્ત વાતાવરણમાં રહીને જ મક્કમ અને ચોક્કસ દિશાસુઝ સાથે કાર્ય કરવાના નિર્ધાર સાથે ઈ.સ. ૧૮૯૭માં તેમણે પત્ની સાથે દેહ છોડ્યો. એ પછી ક્યારેય તેમને માતૃભૂમિનાં દર્શન થવાનાં ન હતાં.

ઈતિહાસ પ્રત્યેની આપણી ઉદાસીનતાનો અંગ્રેજોએ ભરપૂર લાભ લીધેલો. એમણે ભણાવેલો સગવડિયો ઈતિહાસ ઘીના શીરાની જેમ આપણે ગળે ઉતરી ગયો. એમણે કહ્યું એટલે આપણા પરાજીત માનસે સ્વીકારી લીધું કે આપણે તો સતતહારવા માટે ટેવાયેલાં છીએ. ૧૮૫૭નાં વિપ્લવને તેમણે સિપાહીઓના બળવા તરીકે ખપાવ્યો અને આપણું રૂંવાડું ન ફરક્યું. વિનાયક દામોદર સાવરકરે અનેક પુસ્તકો - દસ્તાવેજો - તથ્યોનું અધ્યયન કરીને ૧૮૫૭નાં સ્વાતંત્ર્ય સંગ્રામની ખરી હકીકતોને પ્રકાશમાં લાવીને પહેલી વાર આપણા ગાડરિયા માનસને દોરતાં પરદેશી ભરવાડોને પડકારવાનું

**ગાંધીજી અને નહેરૂવંશના જ ગુણગાન ગાતાં આપણાં ઈતિહાસનાં પાઠ્યપુસ્તકો, આપણું ભવિષ્ય સંપન્ન બને એ માટે પોતાનાં વર્તમાનની આહુતિ આપનારા આવા સપૂતોને ભૂલી જાય છે. આઝાદી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી કે એકાદ ગાંધીજી કે નહેરૂએ અપાવી હોય !**

**સ્વદેશ કલ્યાણ કાજે પોતાનું સર્વસ્વ સ્વાહા કરી જનારા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું જીવન દરેક ગુજરાતી માટે ગૌરવયુક્ત છે. પરંતુ કમનસીબે આજની એસએમએસ જનરેશન તેનાથી હતાશાજનક રીતે બેખબર અને બેપરવાહ છે**

લંડનમાં રહીને તેમણે હોમરૂલ સોસાયટીની સ્થાપના સાથે ભારતની આઝાદીની ચળવળને બુલંદ બનાવી. આ ઉપરાંત ઈન્ડિયન સોશ્યોલોજીસ્ટ નામનું અખબર શરૂ કર્યું. આ અખબારના માધ્યમથી તેમણે ભારતીય યુવાનો માટે અનેકવિધ શિષ્યવૃત્તિઓની જાહેરાત કરી. જેની શરત એટલી જ કે આ શિષ્યવૃત્તિનો લાભ લીધા પછી બ્રિટીશ સરકારની નોકરી ન કરવી ! ભારતના અનેક તેજસ્વી યુવાનો આ શિષ્યવૃત્તિના માધ્યમથી ઈંગ્લેન્ડ પહોંચ્યા અને ક્રાંતિની દીક્ષા પામ્યા. જેમાં પ્રમુખ નામ છે વિનાયક દામોદર સાવરકર...! શ્યામજીએ લંડનમાં ત્રણ માળનું એક મકાન ખરીદીને તેને ઈન્ડિયા હાઉસ નામ આપ્યું. આ ઈન્ડિયા હાઉસ વિદેશમાં ભારતની આઝાદીનાં આંદોલનનું તીર્થધામ બની ગયું. સાવરકર ઉપરાંત મદનલાલ ધીંગરા, કુંજવિહારી ઘોષ, સેનાપતિ બાપટ.... કેટકેટલાં દેશભક્ત સપૂતોને ઈન્ડિયા હાઉસે જન્મ આપેલો ! આ દરેક પ્રવૃત્તિમાં શ્યામજીને અત્યંત સક્રિય પણે યોગદાન આપનાર ગુજરાતનું વધુ એક ઓજસ્વી (અને ઉપેક્ષિત!) રત્ન એટલે સરદારસિંહ રાણા ! (ભાજપનાં પૂર્વ પ્રદેશ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણાના પરદાદા!!)

ઈંગ્લેન્ડમાં અત્યન્ત નિર્ભિક્તપણે પ્રવૃત્તિ ચલાવ્યા પછી સરકારી દબાણ વધતા શ્યામજીએ પેરિસમાં નિવાસ કર્યો. ઈન્ડિયન સોશ્યોલોજીસ્ટની ધાર તેમણે સરદારસિંહ અને મેડમ કામાની મદદથી વધુ તેજીલી બનાવેલી. (ઈન્ડિયન સોશ્યોલોજીસ્ટનાં દુર્લભ અંકોનું વરિષ્ઠ પત્રકાર વિષ્ણુ પંડ્યાએ જતનપૂર્વક સંકલન કર્યું છે. આ દળદાર અને મહામોલું પુસ્તક મા.જે.પુસ્તકાલયમાં બીજા પુસ્તકોની આડશ તરીકે વપરાશ છે!) એ પછી ફ્રાંસ અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન સંધિ થતાં ઈ.સ. ૧૯૧૪માં શ્યામજીએ પ્રવૃત્તિની સલામતી ખાતર સ્વીટ્ઝરલેન્ડ પ્રયાણ કર્યું અને જીવનની અંતિમ ક્ષણ સુધી દેશ સેવા માટે તન, મન, ધન શબ્દશઃ સ્વાહા કરી દીધું.

અત્યન્ત મેધાવી, વિચક્ષણ અને ત્યાગ સંપન્ન જીંદગી જીવનાર આ મહાન સપૂતની સ્મૃતિમાં આપણે શું કર્યું ? માંડવીમાં એક બાવલું મૂક્યું, એક રસ્તાને નામ દઈ દીધું.... બસ ! ગાંધીજી અને નહેરૂ વંશના જ ગુણગાન ગાતાં આપણાં ઈતિહાસનાં પાઠ્યપુસ્તકોમાં આપણું ભવિષ્ય સંપન્ન બને એ માટે પોતાનાં વર્તમાનની આહુતિ આપનારા આવા સપૂતોને ઈરાદાપૂર્વક ભૂલી જવાતાં હોય તેમ નથી લાગતું ? આઝાદી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી કે એકાદ ગાંધીજી કે નહેરુ લાવી આપે. આઝાદી માટેનાં અનેકવિધ પ્રયત્નો હતા. અને દેશકાજે જિંદગી અર્પણ કરકતાં આ સપૂતોને ભૂલવા જેવું બીજું કોઈ પાપ નથી.

દેશકાજે જલાવતન જિંદગી બસર કરનાર,મહાન ગુજરાતી દેશભક્ત શ્યામજી કૃષ્ણ વર્માનાં અસ્થિ, તોંતેર વર્ષ દેશ બહાર રઝળ્યા પછી સ્વદેશની માટીમાં વિલિન થવા પધારી રહ્યાં છે. તેનાં દર્શન અને સ્મૃતિથી આંખનાં ખૂણે જરા પણ નમી બાઝે તો આપણે ધન્ય થઈશું.

**- ધૈવત ત્રિવેદી (સાભાર : સમભાવ)**

# मैं भूत और भविष्यत के स्तोताओं को, उपासकों को, आराधकों को, साधकों को, जोडने की एक कडी हूं

## वैदिक रश्मि २

**आचार्य रामप्रसाद वेदालंकार**

**अ ग्निः पूर्वेभि ऋषिभिःरीड्यो नूत नैरुत।**

**ऋ० १.१.२**

वह अग्निस्वरुप, ज्योतिस्वरुप, प्रकाशस्वरुप, ज्ञानस्वरुप, अग्रणी परम प्रभु पूर्व के ऋषि मुनि सन्त महात्माओं का स्तुत्य रहा है और नूतन-नवीन आगे आने वाले ऋषि-मुनी, सन्त-महात्माओं का स्तुत्य रहेगा।

उस अग्निस्वरुप, ज्योतिस्वरुप, ज्ञानस्वरुप, तेजस्वरुप, ओजः-स्वरुप प्रभु की मैं स्तुति करता हूं, प्रशंसा करता हूं, पूजा करता हूं, उपासना करता हूं। प्रथम तो मै यही समजता रह कि केवल मैं ही उसकी स्तुति करता हूं और यह समज कर ही मैं अपने को ही अन्य सब की अपेक्षा कुछ विशेष मानने लगा, कुछ उततम मानने लगा, और ऐसा मानने पर मुझे कुछ अभिमान भी होने लगा, कुछ अहंकार भी होने लगा, परन्तु बहूत ही शीद्ध मुझे यह ज्ञात होने लगा कि जिस की मैं स्तुति-प्रार्थना और उपासना करता हूं वह तो पूर्व के बीते हुए युग-युगान्तरों के ऋषि, सन्त-महात्मा, भक्त और उपासकों का भी पुज्य रहा है, स्तुत्य रहा है। अर्थात् वे सब भी जी-जान से बडी श्रद्धा भक्ति से अपने-अपने समयों में उस महान् परमेश्वर की, उस जगत् के रचयिता जगदीश्वर की स्तुति करते रहे है, प्रशंसा करते रहे हैं, पूजा करते रहे हैं, आराधना करते रहे है, उपसाना करते रहे हैं, ध्यान, भजन और पूजा करते रहे हैं, और इसके परिणाम स्वरुप ही वे उस प्रभु की अनुपम ज्योति से ज्योतिर्मय होते रहे हैं, उसके अनुपम प्रकाश से प्रकाशमान होते रहे हैं, उसके दिव्य ज्ञान से सच्चे ज्ञानी बनते रहे हैं, उसके दिव्य तेज से तेजस्वी एवं दिव्य ओजः से ओजोस्वी होते रहे हैं। इतना ही नहीं कि वे यह सब होकर आराम से बैठ गए हों वरन् वे अन्य सभी को भी प्रभु के प्रकाश से प्रकाशमय, प्रभु के ज्ञान से ज्ञानमय, प्रभु के तेज से तेजोमय, प्रभु के ओज से ओजोमय करने का हार्दिक प्रयास करते रहे हैं, तथा जो कुछ भी उस प्रभु के संग से वे पाते रहे हैं, वही सब कुछ दिल खोल कर वे बांटते रहे हैं, भेद-भाव रहित होकर वे वितरित करते रहे हैं।

यह सब देख-सुन वा जान कर मुझको बहुत प्रसन्नता हुई कि - 'वह मेरा प्राणो से प्यारा प्रभु मेरा ही नहीं वरन् बीते हुए युगो में सहस्त्रो का, सहस्त्रों का ही नहीं वरन् अनन्त प्राणियों का सदा स्तुतय रह है, पूज्य रहा है, उपास्य रहा हैं, आराध्य रहा हैं।' इससे मुझे प्रसन्नता ही नहीं वरन् मेरा अभिमान भी बहुत कुछ झड गया। यह सोच कर कि मैं ही केवल ऐसा नहीं हुं. वरन् इस विषय में मुझ से भी बहुत बडे-बडे महान् पुरुष साधक, अराधक, उपासक, योगी, तपस्वी, ऋषि-महर्षि, पतज्जलि, व्यास, गुरु विरजानन्द, महर्षि दयानंद, श्रीराम, श्रीकृष्ण, रामतीर्थ आदि-आदि सब हो चुके हैं जिनके सम्मुख मेरी कुछ गिनती भी नहीं है। तब मै अभिमान के झड जाने से पर्याप्त हल्का हो गया हुं।

इतना ही नहीं मुझे और भी प्रसन्नता तब हुई जब कि मैंने यह जाना कि वह अग्निस्वरुप प्रभु तो ऐसा है कि वह केवल पूर्व के अर्थांत् भूतकाल के ऋषि-मुनिन, सन्त-महात्माओं, उपासकों का ही पूज्य-उपास्य-आराध्य देव नहीं रहा है और न ही वर्तमानकाल मात्र वालों का वह उपास्य देव है बल्कि वह तो आगे आने वाले अर्थांत् नूतन-नवीन भविष्य के गर्भ में छिपे हुए ऋषि-मुनि, सन्त-महात्माओं का भी उपास्य देव रहेगा, उनके लिए भी ज्योतिस्तम्भ-प्रकाशस्तम्भ बनकर उन्हें भी सतत् अपना ज्ञान-प्रकाश प्रदान करता हुआ उन्हें भी सदा गर्त में गिरने से और ठोकर खाते से बचाता रहेगा, तथा सन्मार्ग पर निरन्तर अग्रसर करता हुआ उन्हें उंचा उठाता और आगे बढाता रहेगा। अतः वह उन सब का भी ऐसा ही आराध्य देव बना रहेगा।

यह सब जान-बुझकर, सोच-विचार कर मुझे हार्दिक प्रसन्नता हुई कि मैं इस दृष्टि से भूत और भविष्यत के स्तोताओं को, उपासकों को, आराधकों को, साधकों को, जोडने की एक कडी हूं। इसलिए मुझे अब भूत के अनुभवी स्तोताओं, साधको, उपासकों, आराधकों, भक्तो के अनुभवों को प्राप्त कर और भी लगन से, श्रद्धा-भक्ति से उस अपने प्यारे और सब जग से न्यारे प्रभु की पूजा करनी है, आराधना करनी है, साधना करनी है, ताकी इस से जहां मुझे इस दिशा में और भी उंचा उठने और आगे बढने की शक्ति मिले वहां मुझ से अन्यों को भी अर्थांत् आगे आने वाले साधकों-उतासकों को भी दीशा मिले-राह-मिले, ताकि वे भी इस राह में कहीं गुमराह न हों, इस पथ पर कहीं भटकें नहीं, कहीं अटके नहीं, कहीं लटके नहीं, वरन् सहज सीधे लक्ष्य की ओर अग्रसर होते हुए वह सब-कुछ पा जायें जिस की कि उनकी आत्मा को भूख है, जिसकी कि उन्हें वास्तव में तलाश है। (**क्रमशः**)

## ઉપદેશ કથા

### ઉપકારનો બદલો

એકવાર એક તળાવના કિનારે એક ચકલી પાણી પી રહી હતી. એટલામાં એક કીડી વૃક્ષની ડાળ પરથી પાણીમાં પડી ગઈ. ચકલીએ જોયું કે તે ડૂબી રહી છે. તુરત તેણે કિનારા પર પડેલ એક પાંદડાને લઈ કીડી પાસે ફેંક્યું. ઝડપથી કીડી તેના પર ચઢી ગઈ. એટલામાં પવનની એક લહેર આવી, પાંદડું કિનારે આવી ગયું અને કીડી બચી ગઈ. કીડીએ મનોમન ચકલીનો આભાર માન્યો અને તે વૃક્ષની નીચે પોતાનો ખોરાક શોધવા લાગી.

એકવાર તે ચકલી વૃક્ષની ડાળ પર બેઠી હતી, ત્યારે એક શિકારી આવ્યો. તેણે ચકલીને મારવા માટે બંદુકથી નિશાન લીધું. આ જોઈ કીડી તેને બચાવવાનો ઉપાય શોધવા લાગી. ઉપકારનો બદલો ચુકવવાના આશયથી પ્રેરાઈ ઝડપથી તે શિકારીના પગમાં જોરથી ડંખ માર્યો.

અચાનક ડંખ લાગવાથી શિકારી બુમ પાડી ઉઠયો, હાથ ધ્રુજી ગયા અને લક્ષ્ય ચૂકી ગયો. ચકલી બચી ગઈ. બંદુકનો અવાજ સાંભળી બધી ચકલીઓ ઉડી ગઈ. આમ તે કીડીએ ચકલીના અહેસાનનો બદલો ચૂકવી દીધો.

(શિક્ષા : નાના-નાના જંતુઓ પણ ઉપકારનો બદલો ચૂકવતા હોય છે. નાનાને નાના સમજી તેની ઉપેક્ષા કદી ન કરો. કરેલા ઉપકારને ભૂલી જનાર પાપી હોય છે.) **- મહેન્દ્ર ગાંધી**

# ફોટો ગેલેરી

## આર્યસમાજ, જુનાગઢ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન



આર્યસમાજ, જુનાગઢ દ્વારા ગત તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ નેત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ જેટલા દર્દીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા આંખનું નિદાન કરી જરૂરિયાતમંદ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે રાજકોટની રણછોડદાસજી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. બધા દર્દીઓ માટે ભોજનની વ્યવસ્થા તેમજ ઓપરેશનની વ્યવસ્થા આર્યસમાજ, જુનાગઢ દ્વારા કરવામાં આવી હતી.

## ભુજોડી સ્થિત યોગધામના આચાર્ય બ્ર. વિરેન્દ્રજી દ્વારા અજમેરમાં વૈદિક ધર્મનો પ્રચાર



## વેદ કથા પાન ૧નું શેષ....

અંકિતભાઈ સુરાણીએ હાસ્યની રમઝટ બોલાવી હતી.

આ વેદકથાના સફળ આયોજનમાં દાતા સ્વ. રામાજી પ્રેમજી કેશરાણી પરિવાર (સ્વ. પુરષોત્તમ રામજી કેશરાણી, સ્વ. હરીલાલ રામજી કેશરાણી, સ્વ. ઈશ્વરલાલ રામજી કેશરાણી અને પુત્ર શ્રી ગોપલભાઈ રામજી કેશરાણી તથા શ્રી ચંદુલાલ દેવસીભાઈ નાકરાણી પરિવારનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત સહયોગી દાતા શ્રી દેવશંકરભાઈ સોમજી ધનાણી, શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ શેઠિયા, શ્રી અરજણભાઈ વિરજીભાઈ લિંબાણી, શ્રી શંકરલાલ મેઘજી સાંખલા, શ્રી ચંદુલાલ ગોવિંદભાઈ કેશરાણી રહ્યા હતા.

વેદ કથાની આયોજન સમિતિમાં વેદ પ્રચાર મહિલા મંડળનાં કસ્તુરબેન, પ્રેમિલાબેન, હંસાબેન, ગૌરીબેન, શારદાબેન, મંજૂલાબેન, મીનાબેન, કોમલબેન, દિપાબેન, સોલબેન સેઠિયા, વર્ષા સેઠિયા, નૈનાબેન સેઠિયા, મીનાબેન ધનાણી, લક્ષ્મીબેન, હસ્તાબેન, પ્રેમિલાબેન લિંબાણી, નિર્મલાબેન લિંબાણી, મીનાબેન લિંબાણી, જસોદાબેન સાંખલા, ખ્યાતિબેન સેઠિયા,મમતાબેન સાંખલા મીતાબેન સાંખલા સહિત અનેક બહેનોએ સુંદર સેવા આપી હતી.

આ ઉપરાંત આયોજન સમિતિના સ્વયં સેવકો સર્વ શ્રી નારણભાઈ વાલજીભાઈ વાસાણી, શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ કેશરાણી, શ્રી પ્રવિણભાઈ ગોપાલભાઈ કેશરાણી, શ્રી મેહુલભાઈ ગોપાલભાઈ કેશરાણી, શ્રી હિતેન્દ્રભાઈ પરશોત્તમભાઈ કેશરાણી, શ્રી ભરતભાઈ પરશોત્તમભાઈ કેશરાણી, શ્રી વિરેન્દ્રભાઈ હરીભાઈ કેશરાણી, શ્રી નવિનભાઈ હરિભાઈ કેશરાણી, શ્રી નિતિન વિરેન્દ્રભાઈ કેશરાણ, શ્રી કમલેશભાઈ ચંદુભાઈ નારાણી, શ્રી કિશોરભાઈ ચંદુભાઈ નાકરાણી, શ્રી નરેન્દ્રભાઈ અરજણભાઈ લિંબાણી, શ્રી મીતેશભાઈ શંકરલાલ સાંખલા, શ્રી ચંદ્રકાંતભાઈ શંકરભાઈ સાંખલા, શ્રી નંદુભાઈ કરશનદાસ કેશરાણી શ્રી શિવજીભાઈ સામજીભાઈ ધનાણી, શ્રી હિરેનભાઈ ચંદુલાલ કેશરાણી, શ્રી નરસીભાઈ ગોવિંદભાઈ કેશરાણી શ્રી નિરલભાઈ નરસીભાઈ કેશરાણી શ્રી મનમીત ભરતભાઈ કેશરાણી વગેરે તમામ સગવડો સુચારૂ રીતે પૂરી પાડી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જગદીશભાઈ કેશરાણીએ કર્યું હતું. આભાર વિધિ આર્યસમાજના મંત્રી શ્રી ઈશ્વરભાઈ સેઠિયાએ કરી હતી. પ્રોગ્રામ દરમ્યાન સ્ટેજનું સંચાલન શ્રી કમલેશભાઈ ચંદુલાલ નારાણીએ કર્યું હતું. આ વેદ કથા દરમ્યાન યોગધામ-ભૂજોડીના આચાર્ય બ્ર. વિરેન્દ્રજી નો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

# સ્વામી શ્રી વિવેકાનંદજીનો માર્ચ-૨૦૧૬નો કાર્યક્રમ



શ્રી સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક માર્ચ માસમાં ૨૫થી ૨૮ તારીખ સુધી દર્શન યોગ મહાવિદ્યાલયમાં રહેશે અને અધ્યાપન કાર્ય કરશે અને નીચે દર્શાવેલ તારીખોમાં સ્વામી વિવેકાનંદનો પ્રચાર કાર્યક્રમ રહેશે.

| તારીખ | સ્થળ | સમય | વિષય | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૨૧ | ૧૨૪, રામેશ્વર પાર્ક, ગૌરી સીનેમા પાસે, ઓઢવ, અમદાવાદ | રાત્રે ૦૯.૦૦ થી ૧૦.૦૦ | વેદ પ્રવચન અને શંકા સમાધાન | શ્રી રાજકુમારજી મો. ૦૯૪૨૬૩૩૮૬૦૯ |
| ૨૨ | આર્ય સમાજ, અંબાલાલ કોમ્પ્લેક્ષ, સન એન્ડ સ્ટેપ કલબ પાસે, થલતેજ | સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ | વેદ પ્રવચન | શ્રી ગોવિંદરામજી મો. ૦૯૪૨૭૬૨૮૩૦૪ |
| ૨૨ | આર્ય સમાજ, કાંકરિયા અમદાવાદ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ | વેદ પ્રવચન અને શંકા સમાધાન | ફોન : ૦૭૯-૨૫૪૫૪૩૭૩ |
| ૨૨ | સેટેલાઈટ, આંબલી, અમદાવાદ | સાંજે | વેદ પ્રવચન | શ્રીરાજેશભાઈ (એડવોકેટ) મો. ૦૯૮૨૫૦૦૫૭૨૯ |
| ૨૩-૨૪ | વૈદિક સંસ્થાન, ઓઢવ, અમદાવાદ | સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ | આર્યાભિવિનય પાઠ | મો. ૦૮૧૪૧૧૨૬૬૨૦ |
| ૨૩-૨૪-૩૦ | ૧૨૪, રામેશ્વર પાર્ક, ગૌરી સીનેમા પાસે, ઓઢવ, અમદાવાદ | રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ | મનુસ્મૃતિ | શ્રી રાજકુમારજી મો. ૦૯૪૨૬૩૩૮૬૦૯ |
| ૨૩ | ૧૭, રાજ રેસીડેન્સી, માધવ સ્કૂલ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ | સાંજે ૬.૦૦ થી ૭.૦૦ | વેદ પ્રવચન | શ્રીમતી વૈશાલીબેન વસિષ્ઠ મો. ૦૯૨૨૮૭૯૮૯૬૭ |
| ૨૪ | એચ-૫૦૪, રાધેકૃષ્ણ સોસયટી કર્ણાવતી મેગા મોલ પાછળ, વસ્ત્રાલ | રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ | વેદ પ્રવચન | શ્રી શશિકાંતભાઈ મો. ૦૯૩૨૭૦૧૫૯૪૮ |
| ૨૮ | ૩૪૨/૨, સેક્ટર - ૪, ગાંધીનગર | રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ | સાંખ્ય દર્શન | શ્રી મહેન્દ્રભાઈ ગાંધી મો. ૦૯૯૨૪૭૫૧૧૯૧ |
| ૨૯ | આર્યસમાજ, સેક્ટર - ૨૪, ગાંધીનગર | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | સાંખ્ય દર્શન | શ્રી મહેન્દ્રભાઈ ગાંધી મો. ૦૯૯૨૪૭૫૧૧૯૧ |
| ૩૦ | યુગલ કુંજ સોસાયટી, મોટા બગીચાની સામે, નરોડા, અમદાવાદ | સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ | સાંખ્ય દર્શન | શ્રીમતી રશ્મિબેન પટેલ ફોન-૨૨૮૪૨૨૫૬ |
| ૩૧થી ૨ | જુનાગઢ | | સરલ આધ્યાત્મિક શિબિર | શ્રીમતી સદગુણા આર્યા ફોન-૨૨૮૪૨૨૫૬ |


# Welcome to Divine Power Activation Academy

We assure you that, if your child is between age of 6 to 14, he/she will go home with extraordinary 6th sense power as well as enhanced concentration and understanding. And you will be surprised to know that this can be achieved within two days workshop. We have read and heard about enhanced power of five senses(Shabda, Sparsh, Roop, Ras and gandha) as well as the 6th sense which were achieved by our Yogis & Sages. These will be observed in your child at the conclusion of this workshop. You will be delighted to see your child indentifing colours with closed eyes. Some children can also read books immediately and some can read within few days practice at home.

## Do you want to see your child with following specific powers?

01. Enhanced concentration
02. Enhanced intelligence
03. Sharp memory
04. Improved grasping
05. Enhanced analysis power
06. Improved decision taking ability
07. High confidence
08. Control over emotions
09. Improved ability of co-ordination
10. Utilization of both left and right brain
11. Understanding brain as miraculous tool
12. Utilization of this miraculous tool to get what ever you want

## If you are able to manage followings

01 Minimum 20 Students Age Between (6 to 14)
02 Sound Proof Hall
03 Projector
04 Professional Music System
05 Travel exp. of 2 persons (From Gandhinagar-Gujarat)
06 3 days stay of 2 persons (with Food)

**Here is the offer for you**

Just Pay 3000/- per student. (Actual is 15000/-)

**This special offer is for Members of Ary Samaj & Schools.**

**For more details contact**

094284 22286

**સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્**


# ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા યોજાયેલી 'વિશ્વ કલ્યાણનો આધાર- અષ્ટાંગ યોગ' નિબંધ સ્પર્ધાનું પરિણામ

**શ્રી પી. એમ. પટેલ હાઈસ્કૂલ શાહપુર**

| | | |
|---|---|---|
| પ્રથમ | રાજ જયદિપસિંહ કિરણસિંહ | ૯ - અ |
| દ્વિતિય | ઠાકોર કમલેશભાઈ પુનમભાઈ | ૯ - અ |
| તૃતિય | ઠાકોર કેતનકુમાર રમેશભાઈ | ૯ |

**મહાત્મા ગાંધી વિદ્યાલય કણજરી**

| | | |
|---|---|---|
| પ્રથમ | સુથાર ઉર્જા જગદિશભાઈ | ૯ - અ |
| દ્વિતિય | મકવાણા પાયલ ડી. | ૯ - અ |
| તૃતિય | પ્રજાપતિ નેહા રાજેશભાઈ | ૯ - અ |

**એમ.એમ.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ પીપળાવ**

| | | |
|---|---|---|
| પ્રથમ | પંડ્યા રૂચિતા જયેશભાઈ | ૯ - બ |
| દ્વિતિય | પટેલ દીપ મેહુલભાઈ | ૯ - બ |
| તૃતિય | પરમાર મયુરી મનહરભાઈ | ૧૦ - બ |

**શ્રીમતી ડી.એસ.પટેલ હાઈસ્કૂલ વલાસણ**

| | | |
|---|---|---|
| પ્રથમ | હરીજન ખુશ્બુબેન જયંતિભાઈ | ૧૦ - સી |
| દ્વિતિય | સૈયદ હિનાબાનું ઈસુબઅલી | ૧૦ |
| તૃતિય | ચૌહાણ પ્રિતિબેન સુરેશભાઈ | ૧૦ - બ |

**ભાલેજ હાઈસ્કૂલ ભાલેજ**

| | | |
|---|---|---|
| પ્રથમ | મલેક સબાનાબાનુ સબ્બીરમિયા | ૧૦ - અ |
| દ્વિતિય | વ્હોરા એમ.ઉવેશ હરુનભાઈ | ૧૦ - અ |
| તૃતિય | રોહિત હાર્દિકકુમાર પ્રવિણભાઈ | ૧૦ - અ |

**વી.જે. પટેલ પ્રેક્ટિસિંગ હાઈસ્કૂલ આણંદ**

| | | |
|---|---|---|
| પ્રથમ | વ્હોરા અસ્વીરા સલીમભાઈ | ૯ - અ |
| દ્વિતિય | પ્રજાપતિ હેતલ વિરજીભાઈ | ૯ - બ |
| તૃતિય | વ્હોરા નઝીફાબેન હબીબભાઈ | ૯ - અ |

**માધ્યમિક શાળા નં. ૧ આણંદ**

| | | |
|---|---|---|
| પ્રથમ | પરમાર રેખાબેન બચુભાઈ | ૯ |
| દ્વિતિય | ગોહેલ નિરલ રાજેન્દ્રભાઈ | ૯ |
| તૃતિય | ગોહેલ હિન દિનેશભાઈ | ૯ |

**શ્રીમતી કે.ડી. પટેલ વિદ્યામંદિર ગાના**

| | | |
|---|---|---|
| પ્રથમ | રાઠોડ રોશની મહેશભાઈ | ૯ - બ |
| દ્વિતિય | પરમાર ચેતના જશભાઈ | ૯ - બ |
| તૃતિય | ભાવસાર પ્રિયા અનિલભાઈ | ૯ - અ |

**એમ.એમ. હાઈસ્કૂલ સોજીત્રા**

| | | |
|---|---|---|
| પ્રથમ | પટેલ અર્કિતકુમાર રોહિતભાઈ | ૯ - અ |
| દ્વિતિય | પંજાબી હર્ષ કિરણભાઈ | ૧૦ - અ |
| તૃતિય | પટેલ હર્ષિલ વિજયભાઈ | ૧૦ - અ |

**એચ. એલ. પટેલ હાઈસ્કૂલ સામરખા**

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રજાપતિ જહાનવી અરવિંદભાઈ | ૧૦ - અ |
| દ્વિતિય | સોલંકી હાર્દિક માનાભાઈ | ૯ - બ |
| તૃતિય | બારૈયા પ્રિયાંશુ અજયભાઈ | ૯ - બ |

**એમ.યુ. પટેલ ટેકનીકલ હાઈસ્કૂલ વ. વિદ્યાનગર**

| | | |
|---|---|---|
| પ્રથમ | દલવાડી ઋત્વીક એચ. | ૧૦ - બ |
| દ્વિતિય | બારોટ પ્રકાશ સી. | ૯ - ઈ |
| તૃતિય | પંચાસરા વૈભવ ડી. | ૧૦ - અ |

**રણોલી હાઈસ્કૂલ રણોલી**

| | | |
|---|---|---|
| પ્રથમ | પટેલ સાક્ષીબેન દિલીપભાઈ | ૯ |
| દ્વિતિય | પરમાર વિરલકુમાર રાજુભાઈ | ૯ |
| તૃતિય | તળપદા જિનલ રમેશભાઈ | ૯ |

(સંપુર્ણ)

# આર્યસમાજ, જુનાગઢ દ્વારા સ્વાઈન ફ્લુથી બચવા માટે ૨૧ કુંડીય વસંત નવસસ્યેષ્ટિ યજ્ઞ સંપન્ન

આર્યસમાજ, જુનાગઢ દ્વારા ગત તા. ૪થી માર્ચના રોજ સાંજે ૫ કલાકે આર્યસમાજના પટાંગણમાં ૨૧ કુંડીય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં ૧૭૦ જેટલા લોકોએ હાજર રહીને લાભ લીધો હતો. આ યજ્ઞનું સફળ સંચાલન સંસ્થાના પુરોહિત શ્રી કમલેશજીએ કર્યું હતું. યજ્ઞ ચિકિત્સા દ્વારા સ્વાઈન ફ્લુથી કેવી રીતે બચી શકાય તથા હોળીના સ્નેહ મિલન કાર્યક્રમના માધ્યમથી આ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ યજ્ઞ માટે વિવિધ પ્રકારની ઔષધિઓની સામગ્રી તૈયાર કરવામાં આવી



હતી. જેમાં લીમડો, ગળો, તુલસી, બીલી, નત્રોડ, કેસુડો, અરડુસી, ગુગળ, તમાલપત્ર તથપત્ર કપુર સામગ્રી વગેરે મેળવવામાં આવ્યું હતું. યજ્ઞમાં હાજર રહેલા તમામ લોકોએ આહૂતિ આપી હતી અને સંધ્યા સમયે સમગેરે વાતાવરણ સ્વાહાકારથી ગુંજી ઉઠ્યું હતું. યજ્ઞની સમાપ્તિ બાદ ી રમકનીધમઈ ઉસદડીયાએ પર્યાવરણ અને યજ્ઞનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમને અંતે સ્વાસ્થ્ય વર્ધક ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. અંતમાં અલ્પાહાર બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કારીબારી સભ્યોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. હાજર રહેલા તમામ લોકોએ આ સુંદર અને સફળ કાર્યક્રમની ભરપુર પ્રશંસા કરી હતી. આ પ્રસંગે આર્યસમાજના મંત્રી દ્વારા આ પ્રકારના યજ્ઞ સોસાયટી, મહોલ્લામાં કરવા હોય તો તે માટે આર્યસમાજ તરફથી નિઃશુલ્ક સેવા આપવામાં આવશે.


# દયાનંદ ટાઈમ્સ

⇨ સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
⇨ વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
⇨ વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
⇨ બાળકો માટે ઉપદેશ કથા.
⇨ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
⇨ વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
⇨ ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
⇨ રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી પાક્ષિક.

**શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**

: કાર્યાલય :

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧ મો. - ૯૪૨૮૪-૨૨૨૮૬

આપ આપના કાર્યક્રમોની પ્રેસનોટ તથા ફોટોગ્રાફ ઈ-મેઈલથી પણ મોકલાવી શકો છો.........

E-mail

dayanandtimes@gmail.com
agnipathgnr@gmail.com


માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : હરીશ રાણાએ શ્રી રામપ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનર્સ, પ્લોટ નં. ૩૨૭, અજંતા કોમ્પ્લેક્ષ, દેના બેંકની પાછળ, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં.૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧ જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

PUBLISHER,OWNER,PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT SHREE RAM PRINTERS & STATIONERS, Plot No. 327, Ajanta Complex, B/h Dena Bank, Sector No. 16, Gandhinagar. PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.